**DATE: 09/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંકલેશ્વરમાંથી બૂટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન માહિતી મળી હતી કે કાપોદ્રા પાટિયા નજીક આવેલ ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતો નીરજ માંગીલાલ ચાવલાએ મકાનમાં વિદેશી દારૂનો જથ્થો લાવી સંતાડી રાખ્યો છે.જે માહિતીના આધારે એલસીબી પોલીસે દરોડા પાડતાં મકાનમાંથી રૂ.1.64 લાખનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસેદારૂનો જથ્થો કબ્જે કરી બુટલેગરની ધરપકડ કરી અન્ય 6 ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા છે.

**DATE: 09/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા પાસેની સોસાયટીમાંથી દારૂનો જંગી જથ્થો ઝડપાયો

અંકલેશ્વર તા. ૮

અંકલેશ્વરના કાપોદ્રા પાટિયા વિસ્તારમાં ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં અનાજ કરિયાણાની દુકાનની આડમાં દારૂનો પણ ધંધો કરતા ઈસમને ભરૂચ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો.

## રૂ.૧.૬૪ લાખના દારૂના જથ્થા સાથે બૂટલેગરની ધરપકડ કરી

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ અંક્લેશ્વર જી.આઈ.ડી.સી. પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી.આ દરમિયાન બાતમી મળી હતી કે અંક્લેશ્વર જી.આઈ.ડી.સી.માં કાપોદ્રા પાટીયા નજીક આવેલી ક્રીષ્ના પાર્ક સોસાયટીમાં મકાન નંબર ૬૬માં રહેતો નીરજ માંગીલાલ ચાવલાએ મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી સંતાડી રાખ્યો છે.

જે બાતમી આધારે પોલીસે દરોડા પાડતા મકાનમાંથી રૂ.૧.૬૪ લાખની કિંમતની કુલ ૧૪૨૮ નંગ વિદેશી દારૂની બોટલ મળી આવી હતી.આ મામલામાં પોલીસે નીરજ ચાવલાની ધરપકડ કરી અન્ય ૬ ઈસમોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 09/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# વાલીયાના મેરા ગામની સીમમાંથી દારૂના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

નેત્રંગ,તા.૮

વાલીયા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ.એ બાતમીના આધારે મેરા ગામથી માંગરોલ તરફ જવાના રસ્તે મેરા ગામની સીમમાં આવેલ પ્રવિણસિંહ જયસિંહ કરંબીયા રહે. મેરાગામના ખેતરના શેઢા ઉપર ઝાડી ઝાંખરામાં મેરા ગામના રમેશ માધુ વસાવાએ વિદેશી દારૂનો જથ્થો મંગાવી રાખેલો છે. અને સગેવગે કરવાની પેરવી કરી રહેલી છે.

## બૂટલેગર પિતા-પુત્રને વોન્ટેડ જાહેર કરી રૂ. ૪.૭૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

જે બાતમી આધારે મેરા ગામની સીમમાં રેડ કરતા ખેતરમાં એક ગાડી સાથે એક ઈસમ ઝડપાઈ ગયો હતો. જેનું નામઠામ પૂછતાં અભેસીંગ ધના વસાવા રહે. ટાંકી ફળીયુ ભીલવાડા તા. માંગરોલ જિ. સુરત હોવાનું જણાવેલું. ખેતરના શેઢા ઉપર તેમજ ઈક્કો ગાડીમાં તપાસ કરાતા વિદેશી દારૂની નાની મોટી બોટલો તેમજ બિયર ટીન મળી કુલ્લે ૧૫૧૨ નંગ ૨,૬૯,૭૬૦ મોબાઈલ નંગ એક ૫૦૦૦ ગાડી રૂ.૨,૦૦,૦૦૦ મળી કુલ ૪,૭૬,૭૬૦ જપ્ત કર્યો હતો. વાલીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એકટ હેઠળનો ગુનો દાખલ કરી વોન્ટેડ આરોપીઓ (૧) રમેશ માધુ વસાવા (૨) કલ્પેશ રમેશ વસાવા રહે, મેરા ગામને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 10/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# ટંકારીયા ગામે જુગાર રમતા ૭ ખેલી ઝડપાયા

પાલેજ : પાલેજ પોલીસના પીઆઈ આર. એમ. વસાવા અને પીએસઆઈ એસ. બી. સેદાણેને ટંકારીયા ગામમાં જુગાર રમવાની ખાનગી રહે બાતમી મળી હતી. જેમાં ઈ શાક પટેલમોટાપાડના તળાવ કિનારે ખુલ્લી જગ્યાએ પાન મસાલા ના ગલ્લાની આરમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડતો હતો. પોલીસે સ્થળ પર છાપો મારીને ૭ ખેલીને ઝડપી પાડી કુલ રૂા. ૧,૦૮,૫૫૦ના મુદ્દામાલ સાથે સાત ઈસમોની અટકાયત કરી હતી. જ્યારે અયુબ હાજી હલાકુ નાસી ગયો હતો.

**DATE: 10/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# નબીપુર ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નબીપુર ગામમાં નવીનગરી પાસે કેટલાંક શખ્સો જાહેરમાં જુગાર રમતાં હોવાની ચોક્કસ બાતમીના આધારે નબીપુર પોલીસની ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી હતી. જોકે, જુગાર રમતાં દીપક વસાવા, રમેશ વસાવા, સોહન વસાવા તેમજ કલ્પેશ વસાવા નામના ચાર જુગારિયાઓને ઝડપી પાડ્યાં હતાં. ટીમે સ્થળ પરથી રોકડા સહિત જુગારના સાધનો જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 10/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# આમોદના સિકલીગર ગેંગના શખ્સ પાસેથી શંકાસ્પદ ૪.૪૪ લાખ મળી આવ્યા

આમોદ તા.૯

આમોદ પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર તથા સ્ટાફ તેમજ એલસીબીની ટીમે સંયુકત રીતે આમોદ તાલુકા પંચાયત પાસે આવેલ નવી નગરીમા રહેતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા સિકલીંગર ગેંગના ઈસમને ચેક કરતા તેની પાસેથી શંકાસ્પદ હાલતમા રોકડા ૪.૪૪ લાખ મળી આવતા આમોદ પોલીસે કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

## નવી નગરી ખાતે રહેતો સિકલીગર ગેગનો શખ્સ ગુનાઈત ઈતિહાસ ધરાવે છે

આમોદ પોલીસ સ્ટાફ તથા લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ સાથે આમોદ તાલુકા પંચાયત નજીક આવેલ નવીનગરીમા રહેતા અને ગુનાહિત ઈતિહાસ ધરાવતા સિકલીંગર ગેંગ સાથે સંકળાયેલા તેમજ ભુંડ પકડવાની, તગારા, બ્લેંકેટ, ચાદર,વેચવાની, ડુપ્લીકેટ ચાવીઓ બનાવવાની કામગીરી દરમ્યાન વિસ્તારની રેકી કરી બહારના સગા-સબંધીઓને બોલાવીને ગુનાને અંજામ આપવાની



તરકીબ ધરાવતા શેરસિંહ ઉર્ફે સતનામસિંહ બચ્ચનસિંહ સિકલીંગરને ચેક કર્યો હતો.

તેની પાસેથી શંકાસ્પદ હાલતમા રોકડ રકમ રૂ.૪.૪૪ લાખ મળી આવતા પોલીસે રોકડ રકમ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શેરસિંહ ઉર્ફે સતનામસિંહ વિરૂદ્ધ આમોદ ,મકરપુરા, ગોરવા તથા અંકલેશ્વર પોલીસ મથકે પણ ગુના નોંધાયેલ છે.

**DATE: 10/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### એલસીબીએ કુલ 78 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# ભરૂચમાં ચોરીના 9 મોબાઈલ અને લેપટોપ સાથે તસ્કરને ઝડપી લેવાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



ભરૂચ એ શહેર જિલ્લામાં થયેલી ચોરીઓને લઈને એસપી મયુર ચાવડાએ વણશોધાયેલાં ગુનાઓ શોધી કાઢવા સુચના આપી હતી. જેના પગલે એલસીબીના પીઆઈ એમ. પી. વાળાના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ભરૂચ શહેરમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં પીએસઆઈ ડી. એ. તુવર અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચની ઈન્દિરાનગર ઝૂપડપટ્ટી પાસે અગાઉ મોબાઈલની ચોરીના કેસમાં ઝડપાયેલો રણજીતસિંગ જાટ એક બેગમાં મોબાઈલ-લેપટોપ લઈને વેચવા માટે ફરે છે.

જેના પગલે ટીમે તેને ઝડપી પાડ્યતાં તેની પાસેથી કુલ 9 મોબાઈલ તેમજ એક લેપટોપ મળી આવ્યાં હતાં. પોલીસે તેની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી કુલ 78 હજારની મત્તાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમજ તેની પાસે મોબાઈલ ક્યાંથી આવ્યા તે સહિતની વિગતો મેળવવા માટે તેના રિમાન્ડ મેળવવા માટેની કવાયત હાથ ધરી છે.

**DATE: 10/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### રોકડા સહિત 1.63 લાખનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં જુગારના અડ્ડા પર પોલીસના દરોડામાં 10 ઝડપાયા

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી . દરમ્યાન રાજપીપળા રોડ પર આવેલ મીરાનગરમાં પ્લોટ નંબર-૭૨ માં ત્રીજા માળે આવેલ રૂમમાં અબ્દુલ વસીમ અબ્દુલ હકીમ ખાન બહારથી વ્યક્તિઓ ને બોલાવી જુગાર રમી અને રમાડી રહ્યો હોવાની માહિતી મળી હતી જે માહિતી ના આધારે એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતા અબ્દુલ વસીમ અબ્દુલ હકીમ ખાન ,સુરજસિંગ હરજીતસિંહ ,રજનીશ સીંગ અજય કુમાર સીંગ ,રાજેશ જોહરે ,વિશાલ યાદવ , સુભાષ યાદવ,મુકેશ મંડલ , સુનીલ વિશ્વકર્મા, બબલુ મંડલ અને અવિનાશ રાય ને રંગેહાથ ઝડપી લીધા હતા. એલસીબી પોલીસે તેઓ પાસેથી રોકડા રૂપિયા 93.900 અને 70 હજારની કિંમતના 7 નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 1.63 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેઓ વિરુદ્ધ જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

**DATE: 11/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-09**

# ઝઘડિયામાં પાંચ ઘરનાં તાળાં તોડનારો ચોર પેટલાદથી ઝડપાયો, ચાર દિવસનાં રિમાન્ડ પર

ઝઘડિયા: ભરૂચના ઝઘડીયાની ગ્રીન રીવેરા સોસાયટીમાં બે માસ પૂર્વે પાંચ ઘરના તાળા તોડી 56,650/- ના મુદ્દામાલની ઘરફોડ ચોરી થઇ હતી. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી આ ઘરફોડ ચોરીને અંજામ આપનાર આરોપી પેટલાદ ખાતે હોવાનું જણાઇ આવતા પોલીસની એક ટીમ તાત્કાલીક પેટલાદ ખાતે રવાના કરવામાં આવી હતી. જ્યાંથી આ ગુનામાં સંડોવાયેલા આરોપી લલ્લુ ઉર્ફે લલીત પાંગળાભાઈ ગણાવાની ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી ચોરીમાં ગયેલ મોબાઈલ રિકવર કરવામાં આવ્યો છે. ઝડપાયેલા આરોપીને કોર્ટમાં રજૂ કરતા કોર્ટે તેના 4 દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

**DATE: 11/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### આરોપી ઝંખવાવના ડેપો પાસે આવવાનો હોવાની એલસીબીને બાતમી મળી

# 13 ગામમાંથી 25 પશુઓની ચોરી કરતી ટોળકીનો સાગરીત 1 વર્ષ બાદ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે ચોરી ના ગુનામાં વોન્ટેડ રીઢા ચોર ઝડપી પાડ્યો હતો. છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો.ઝંખવાવ સુરત નો ઈસમ બસ ડેપો પાસે આવતા પોલીસે ઝડપી પાડ્યો હતો. એક વર્ષે 13 ગામો માં 25 થી વધુ ભેંસો ની ચોરી ના મામલે વોન્ટેડ હતો.

બનાવ ની વિગતો અનુસાર 14 જાન્યુઆરી 2024 ના રોજ ભરૂચ એલસીબી પોલીસ ટીમ એ અંકલેશ્વર, વાલિયા હાંસોટ અને ઝઘડિયાના 13 ગામ માંથી 25 થી વધુ ભેંસ ચોરી કરનાર ટોળકીને ઝડપી પાડી હતી. પોલીસે 2023 માં 13 ગામમાં ભેંસ ચોરી કરનાર ભરૂચ ડુંગરી ના 1 અને અંકલેશ્વર અંદાડા 2 રીઢા ચોરને ઝડપી પાડ્યા હતા. ભેંસ ચોરી કરી બોડેલી અને ઝંખવાવ ખાતે આદિલ મુલતાની ને વેચી દેતા હતા. એલસીબી પોલીસની ટીમે હ્યુમન ઈન્ટેલીજન્સ વડે ગાડી માહિતી આધારે આખી ગેંગને ઝડપી પાડી અંકલેશ્વર 4, ઝઘડિયા ના 2, વાલિયા ના 1 અને હાંસોટ 6 ગામમાંથી પશુ ચોરી ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

જે ગુનામાં છેલ્લા એક વર્ષથી વોન્ટેડ આદિલ મુલતાની અંકલેશ્વર શહેર બસ ડેપો વિસ્તારમાં આવ્યો હોવાની ચોક્કસ માહિતી મળતા એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર એ ડિવિઝન તેની ધરપકડ કરી તેની પૂછપરછ માટે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી. અંકલેશ્વર શહેર અને તાલુકામાં ગત વર્ષે પશુઓની ચોરીના બનાવો વધી જતાં પશુપાલકોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું.

**DATE: 11/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### કટર વડે કેબલ કાપી ચોરીની ઘટનાને અંજામ આપ્યો

# સંભેટી ગામેથી રૂા.૧૧ લાખની કેબલ ચોરીનો આરોપી ઝડપાયો

## અંકલેશ્વરમાં દિનેશ યાદવને વેચાણ કર્યું હોવાની કબૂલાત કરી

। અંકલેશ્વર।

ભરૂચ એલસીબીએ દહેજમાં આવેલ સંભેટી ગામ પાસે ૬૬ કે.વી. સબ સ્ટેશન નજીકથી ૧૧ લાખના કેબલ ચોરીનો ભેદ ઉકેલી કાઢી એક ઈસમની અંકલેશ્વરમાંથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ ક્રાઈમ બ્રાનચનો સ્ટાફ અંક્લેશ્વર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે દોઢ મહિના પહેલા દહેજ નજીક આવેલ સંભેટી ગામ પાસે કેબલ ચોરી થયા હતા જે કેબલનો જથ્થો નોબલ માર્કેટમાં સાઈન પાર્ક ખાતે રહેતો અગાઉ ચોરીમાં પકડાયેલ અમન સીદ્દીકી અને તેના મિત્રોએ સંડોવાયેલો છે. અને હાલમાં અમરતૃપ્તિ હોટલ પર ઉભો છે જેવી બાતમીના આધારે બાતમીવાળા ઈસમને પકડી તેની પુછપરછ કરતા તે ભાંગી પડેલ અને એક દોઢ મહિના પહેલા પોતે તેમજ ઈમરાન અકબર મુન્સી,રાહુલ,નુર આલમ ખાન તથા જુબેર મળી જુબેરના ટેમ્પો જઈ દહેજ સંભેટી ખાતેથી કટર વડે કેબલ કાપી ચોરીની ઘટનાના અંજામ આપ્યો હોવા સાથે અંસાર માર્કેટ ખાતે દિનેશ યાદવને વેચાણ કર્યું હોવાની કબુલાત કરી હતી. પોલીસે સાઈન પાર્ક સોસાયટીમાં રહેતો અમન ઈકબાલ સીધીકીને ઝડપી પાડ્યો હતો. જયારે અન્ય પાંચ ઈસમોને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 11/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-08**

### પેટ્રોલિંગ દરમિયાન બાળકી મળી હતી

# ખેડાથી ગુમ થયેલી બાળકી પોલીસે પરિવારને સોંપી

। અંકલેશ્વર ।

ખેડાથી ગુમ થયેલું બાળકી અંકલેશ્વરમાંથી મળી આવતાં પોલીસે તેના પરિવાર બોલાવી સોંપી હતી.

અંક્લેશ્વરના ભડકોદરા બીટ વિસ્તારમાં આવેલ GIDC પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં. દરમિયાન એક હોટેલ પર ૧૧ વર્ષની બાળકીને સુનમુન અવસ્થામાં બેસેલી જોઈ હતી. તેની પાસે જઈ પુછપરછ કરતા તે બાળકી તેના ઘરેથી નીકળી ગયાનું જણાઈ આવ્યું હતું. તેને પોલીસ સ્ટેશન ખાતે લઈ આવી પ્રેમપુર્વક સમજાવી તેના રહેઠાણ બાબતે પુછતા બાળકીએ અધુરી વિગત આપી હતી. તેના આધારે બાળકી ખેડા જિલ્લાની વતની હોવાનુ બહાર આવ્યું હતું. જેથી પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી મળી આવેલી બાળકીના તેના વતનમાં અધુરી વિગતોની કડી મેળવી તે ગળતેશ્વર તાલુકા ખાતે રહેતી હોઈ તેના પરિવારનો સંપર્ક સાધી અંકલેશ્વર બોલાવ્યા હતા. અને પોલીસે બાળકીને તેના પરિવારને સોંપી મિલન કરાવતાં પરિવારે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો.

**બાળકી ગળતેશ્વર તાલુકા ખાતે રહેતી હતી**

**DATE: 11/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભરૂચની મઢુલી ચોકડી પાસે આડેધડ પાર્કિંગના કારણે સ્થાનિકો પરેશાન

# દહેજ-વાગરા અપડાઉન કરતા લોકોએ આડેધડ રીતે પાર્ક કરેલી 191 બાઈક જપ્ત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના મઢુલી સર્કલ પાસે દહેજ-વાગરા જીઆઈડીસીમાં નોકરીએ જતાં કર્મચારીઓએ આડેધડ પાર્ક કરેલી બાઈક જમા કરવાની ઝૂંબેશ પોલીસે હાથ ધરી હતી. ટીમે સ્થળ પરથી કુલ 191 વાહનો ડિટેઈન કર્યાં હતાં. તેમજ તમામને લઘુત્તમ 500 રૂપિયાનો દંડ ફટકારવાની કવાયત હાથ ધરી હતી. સાંજ સુધીમાં 70 જેટલાં લોકોએ કુલ 35 હજાર જેટલો દંડ ભરી પોતાના વાહનો છોડાવી ગયાં હતાં.

ભરૂચ જિલ્લાના દહેજ-વાગરાની જીઆઈડીસીઓમાં આવેલી 400થી વધુ કંપનીઓમાં જિલ્લાભરમાંથી તેમજ અન્ય જિલ્લામાંથી પણ હજારોની સંખ્યામાં લોકો નોકરી ધંધાર્થે અપડાઉન કરે છે. ત્યારે ભરૂચ શહેરમાં વિવિધ સ્થળે કર્મચારીઓને લાવતી લઈ જતી ખાનગી બસોના સ્ટોપ આવેલાં હોઈ રોજના હજારો કર્મચારીઓ તેમની ટુ-વ્હિલર લઈને જે તે પોઈન્ટ પર પહોંચે છે. જોકે, ત્યાંથી બસમાં બેસવાનું હોઈ તેઓ ત્યાં આસપાસમાં જ્યાં જગ્યા મળે ત્યાં પોતાના વાહન પાર્ક કરી જતાં રહેતાં હોય છે. જેના કારણે આસપાસની સોસાયટીના લોકોને ટ્રાફિક સહિતની સમસ્યાનો સામનો કરવો પડે છે. તેમાંય કેટલાંક વેળાં સ્થાનિક રહિશો સાથે વાહન પાર્ક કરવા આવતાં લોકોની તકરાર થવાની ઘટનાઓ પણ છાસવારે બને છે. ત્યારે નંદેલાવ ગ્રામ પંચાયતની હદમાં આવેલી ફેઈથ કેલવરી સ્કૂલ પાસે પે-પાર્કિંગ આવેલું હોવા છતાં કેટલાંક લોકો રૂપિયા ન ભરવા પડે તે માટે ત્યાં નજીકમાં આવેલી મંગલદીપ સોસાયટી, બુસા સોસાયટી સહિતની સોસાયટીની ખુલ્લી જગ્યાઓમાં, રોડની સાઈડ પર પોતાના વાહનો પાર્ક કરી દેતાં હોય છે. જેના કારણે સ્થાનિકોએ ભરૂચ એ ડિવિઝન પોલીસમાં લેખિત-મૌખિક રજૂઆતો કરી હતી. અરસામાં મંગળવારે ભરૂચ એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ વી. યુ. ગડરિયાએ અંદાજે 45 જેટલાં પોલીસ કર્મીઓ તેમજ ત્રણ અધિકારિયાઓની ટુકડી બનાવી 3 આઈશર ટેમ્પો લઈને સ્થ પર પહોંચ્યાં હતાં. સાથે ત્રીસેક શ્રમિકોને સાથે રાખી રોડ પર આડેધડ પાર્ક કરેલાં વાહનો ઉઠાવવાની ઝૂંબેશ હાથ ધરી હતી. ટીમે મઢુલી ચોકડીની આસપાસના વિસ્તારમાંથી 191 જેટલી બાઈક ઉપાડી હતી. પોલીસની કાર્યવાહી પૂર્ણ થયા બાદ નોકરીએથી છુટીને આવેલાં કર્મચારીઓએ પોતાના વાહન ત્યાં નહીં જોતાં પહેલાં તેમને ધ્રાસકો લાગ્યો હતો.



નંદેલાવ ઓવરબ્રિજ પાસેથી બાઈકો જપ્ત કરાઈ હતી.

### અમે આવ્યા તો અમારી બાઈક ગાયબ હતી

કંપનીની બસમાંથી ઉતરીને અમારી બાઈક લેવા ગયાં ત્યારે અમારી બાઈક ત્યાંથી ગુમ થઈ ગઈ હોવાનું જણાયું હતું.પહેલાં ધ્રાસકો લાગ્યો કે બાઈક ચોરાઈ ગઈ પરંતુ બાદમાં પોલીસે બાઈક ઉઠાવી ગયાં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી બાદમાં અમે હવે ત્યાં જઈને પોતાની બાઈક છીડાવીશું. » જય પટેલ, વાહન માલિક

### આગામી દિવસોમાં પણ ઝૂંબેશ જારી રહેશે

આજે અમે નંદેલાવ ગ્રામ પંચાયતની હદમાં મઢુલી સર્કલ પાસે વાહનો ડિટેઈન કરવાની કામગીરી કરી હતી. હવે આગામી દિવસોમાં અન્ય સ્થળો કે જ્યાં આડેધડ વાહનો પાર્ક કરાય છે ત્યાં પણ ઝૂંબેશ હાથ ધરીશું. આજે પ્રાથમિક તબક્કે દરેક પાસેથી 500 રૂપિયાનો ચેતવણીરૂપ દંડ વસુલ્યો છે. બીજીવાર તેમની સામે મોટા દંડની કાર્યવાહી કરાશે. » વી. યુ. ગડરિયા, ઈન્સ્પેક્ટર, એ ડિવિઝન.

### અમને પાર્કિંગની સુવિધા મળે તે દિશામાં કાંઇ થતું નથી

નોકરીએ જવા માટે અમે દૂરથી આવીએ છીએ. રોજનું રીક્ષા-બસનું ભાડુ અમને પરવડે તેમ નથી. અહિંયા પે-પાંર્કિંગ છે. સરકાર આવા પિકઅપ પોઈન્ટ પર પાર્કિંગની સુવિધા ઉભી કરાવી આપે તો તમામના પ્રશ્નનો હલ આવી જાય. પોલીસ સ્ટેશનેથી 500 દંડ ભરી બાઈક છોડાવવી પડી. આ મોંઘવારીમાં અમારા જેવા મધ્યમવર્ગના લોકો માટે રૂપિયા-રૂપિયાની કિંમત હોય છે. » મહેશ પટેલ, વાહનમાલિક

**DATE: 12/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વર GIDC પોલીસે ગુમ કે ચોરાયેલા મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી. જેના આધારે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસે કેન્દ્ર સરકારના સી.ઇ.આઈ.આર.પોર્ટલના માધ્યમથી ગુમ થઈ ગયેલ મોબાઈલ ફોન એકટીવ થયા હતા જેને ટ્રેસ કરી મૂળ માલિકોને પરત કરવામાં આવ્યા છે.પોલીસે રૂ.૨.૨ લાખની કિંમતના ૧૦ મોબાઈલ ફોન મૂળમાલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે. અત્યાર સુધી જીઆઈડીસી પોલીસે રૂ.૧૦.૪૭ લાખની કિંમતના ૫૭ મોબાઈલ મૂળમાલિકોને પરત કર્યા હતા.

ય(શહેર)ની કોર્ટમાં
ે.એ-૧,રોશનપાર્ક,
અપીલ નં.૬૩/૨૦૨૪

**DATE: 12/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### સગીર દીકરીનું છેલ્લાં એક વર્ષથી શારીરિક શોષણ કરતો હતો

# સગી દીકરી સાથે દુષ્કર્મ આચરનારા પિતાને આજીવન કારાવાસની સજા

## કોર્ટે રૂા.૫૫ હજારનો દંડ ફટકાર્યો, દીકરીને રૂા. ૪ લાખ વળતર

। અંકલેશ્વર ।

અંકલેશ્વર પંથકમાં સગી દીકરી સાથે દુષ્કર્મ આચરી શારીરિક શોષણ કરતા પિતાને અંકલેશ્વરની કોર્ટે આજીવન કારાવાસની સજા ફટકારી રૂા.૫૫ હજારનો દંડ કર્યો હતો. નરાધમ પિતા દીકરીનું છેલ્લા એક વર્ષથી શારીરિક શોષણ કરતો હતો, અંતે દીકરીએ મોટી બહેનને સમગ્ર હકીકત જણાવતા પિતા વિરુદ્ધ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી

અંકલેશ્વર પંછકમાં પિતા પુત્રીના સબંધોને લાંછન લગાવતો કિસ્સો ૨૦૨૩માં બન્યો હતો. પત્નીના મૃત્યુ બાદ પિતાએ સગીર વયની દીકરી સાથે ધાક ધમકી આપી વારંવાર દુષ્કર્મ આચર્યુ હતું. જેથી ભયભીત બનેલી સગીરાએ મોટી બહેનને આપવીતી જણાવતા પિતાની આ હેવાનીયત સામે અંકલેશ્વર રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો તેમજ દુષ્કર્મની કલમો આધારે ગુનો નોંધી નરાધમ પિતાની ધરપકડ કરી હતી. સમગ્ર મામલે કોર્ટમાં કેસ ચાલી જતા અંકલેશ્વરના એડિશનલ ડીસ્ટ્રીક એન્ડ સેસન્સ જજ એસ.બી પાંડેએ આરોપી પિતાને કસૂરવાર ઠેરવી પોક્સો એક્ટ હેઠળ આજીવન કારાવાસ તેમજ રૂા.૫૦ હજારનો દંડ, અને દંડ ન ભરે તો બે માસની સાદી કેદ ની સજા તેમજ ઈપીકો કલમ ૫૦૬ (૨) હેઠળ વધુ ત્રણ વર્ષની સાદી કેદની સજા અને ૫ હજારો દંડ ફટકાર્યો હતો તેમજ દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદ ની સજાનો હુકમ કર્યો હતો. વધુમાં ભોગ બનનાર દીકરીને ગુજરાત વિક્ટીમ કમ્પનસેશન સ્કીમ ૨૦૧૯ હેઠળ રૂા. ૪ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો હતો.

**DATE: 13/12/2024 CATEGORY: GREEN E-PAPER GUJARATMITRA PAGE-11**




# દધેડામાં ગરનાળાના ભૂંગળામાં સંતાડી રાખેલો દારૂ ઝડપાયો, બુટલેગર વોન્ટેડ

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા GIDC પાસે આવેલા દધેડા ગામે ડબ્બા ફળિયામાં ગરનાળાના ભૂંગળામાં, સંતાડી રાખેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મુદ્દામાલ LCB ટીમે ઝડપી પાડ્યો હતો. ટીમે રૂ.56 હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

ભરૂચ LCBની ટીમને ઝઘડીયા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં પેટ્રોલિંગ વેળા દારૂની બાતમી મળી હતી, જેમાં ઝઘડિયા GIDCના દધેડા ગામે ડબ્બા ફળિયામાં રહેતા રવિ શરદ વસાવાએ પોતાના ઘરની પાછળના ભાગે આવેલા નાળા પાસે ભૂંગળામાં ઈંગ્લિશ દારૂ મંગાવી સંતાડી રાખ્યો છે. આ માહિતીના આધારે LCB ટીમે દધેડા ગામે ડબ્બા ફળિયામાં રવિ વસાવાના ઘરે રેઇડ કરી પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલ નંગ-240 કિ. રૂ.56,736ની મત્તાનો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો. જ્યારે દારૂનો માલ મંગાવી સંતાડી રાખનાર રવિ શરદ વસાવાને વોન્ટેડ જાહેર કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ઝઘડિયા GIDC પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

**DATE: 13/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ગુનાખોરી છોડી સામાન્ય જીવન જીવે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું

# ઝઘડિયામાં ગુનાહિત ભૂતકાળ ધરાવતાં 90 આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવી

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા જીઆઇડીસી પોલીસ મથક દ્વારા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે હેતુથી ભુતકાળમાં પકડાયેલ આરોપીઓની ઈન્ટ્રોગેશન પરેડનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉચ્ચ અધિકારીઓ દ્વારા જિલ્લામાં ગુનાખોરી તથા અસામાજિક પ્રવૃતિ કરનાર ઇસમો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા જિલ્લાના પોલીસ વિભાગને સુચના આપવામાં આવેલ,તેના અનુસંધાને ઝઘડિયા જીઆઇડીસી પીએસઆઇ પી.કે.રાઠોડના માર્ગદર્શન હેઠળ જીઆઇડીસી પોલીસ સ્ટાફ દ્વારા આજરોજ તા.૧૨ મીના રોજ ઝઘડિયા જીઆઇડીસી પોલીસ મથકમાં નંધાયેલ લીસ્ટેડ બુટલેગર, એમ.સી.આર,ડોઝીયર્સ, એનડીપીએસ ના ગુનામાં પકડાયેલ આરોપીઓ તેમજ ભંગારીયાઓને પોલીસ મથકે હાજર રાખી ઈન્ટ્રોગેશન પરેડ ગોઠવી હતી,તેમજ આરોપીઓને આપેલ સુચનાઓનું પાલન કરી કાયદો ભંગ કરતા અટકાવીને ગુનાખોરીનો માર્ગ છોડી સામાન્ય જીંદગી જીવી શકે તે મુજબનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત; લીસ્ટેડ બુટલેગર 19, એમ.સી.આર 28, ડોઝીયર્સ ૬ ,એનડીપીએસ ના ગુનામાં પકડાયેલ 1, ભંગારીયાઓ ૪ તેમજ ચોરીના ગુનાના 32 મળી કુલ 90 આરોપીઓની લાઈન પરેડ કરવામાં આવી હતી.



ગુનાહિત ભૂતકાળ ધરાવતાં આરોપીઓની પુછપરછ કરાઈ હતી

**DATE: 13/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-05**

### ભરૂચ પોલીસ દ્વારા અંકલેશ્વર પો. મથક ખાતે આયોજન

# લોકો વ્યાજના ખપ્પરમાં ન હોમાય તે માટે લોન ધિરાણ કેમ્પ યોજાયો

## જરૂરિયાત વાળા લોકોને સસ્તા દરે લોન આપવામાં આવી હતી

| અંકલેશ્વર |

આર્થિક ભીંસમાં મુકાયેલા લોકોની મજબૂરીનો લાભ ઉઠાવી કેટલાક શાહુકારો તેમની પાસેથી મન ફાવે તેવું વ્યાજ લઈ તેમને દેવાના ડુંગર તળે દબાવી દેતા હોય છે. બે પાંચ ટકાની સામે દસ થી વીસ ટકા વ્યાજ વસુલી આ ધીરદારો લેણદારની માલ મિલકત પચાવી પાડી તેમને આત્મહત્યા કરવા મજબૂર બનાવી દેતા હોય છે ત્યારે ભરૂચ પોલીસે સમસ્યાનો હલ કાઢવા એક પહેલ કરી છે.

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડાની સૂચનાથી અક્લેશ્વર શહેર એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર પી.જી. ચાવડાએ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનમાં લોન ધિરાણ કેમ્પનું આયોજન કરાયું હતું. સરકારની ૨ મુખ્ય યોજનાઓ પીએમ સ્વનિધિ અને જનધન યોજના દ્વારા ઓછા વ્યાજ અને ઓછા જોખમે ધિરાણ કઈ રીતે મળી શકે તેની અલગ અલગ બેન્કોના પ્રતિનિધિઓને સાથે રાખી સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત મજબૂરીનો લાભ ઉઠાવી ભેજાબાજો સાયબર ક્રાઈમનો ભોગ ન બનાવે તે માટે પી આઈ પી.જી. ચાવડા દ્વારા વિશેષ સમજ આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં જરૂરીયાતમંદોએ આ કેમ્પનો લાભ લીધો હતો.

**DATE: 13/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ઝઘડિયાના ઉચેડીયા ગામની સીમમાં

# સૂચિત પ્રભુનું ઘર આશ્રમમાં થયેલી ચોરીનો આરોપી ઝડપાયો


ઝઘડિયા, તા. ૧૨

ઝગડીયા તાલુકાના ઉચેડીયાની સીમમા સુચિત નવનિર્માણ પામી રહેલા પ્રભુનું ઘર આશ્રમમા કન્ટ્રકશનનો સામાન તથા સબ મશીબલ મોટર મળી કુલ રૂ.૩૨,૦૯૦ ના મુદ્દામાલની ચોરી થયેલી હતી.જેની ઝગડીયા પોલીસે તપાસ હાથ ધરી હતી.

## ચોરીનો રૂ.૩૨ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

જે તપાસ દરમ્યાન ચોરીને અંજામ આપનાર આરોપી રાણીપુરા તા.ઝઘડીયા ખાતેનો હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવતા આ ગુનામાં સંડોવાયેલા આરોપીને શોધી કાઢ્યો હતો.

જે આરોપીને પોલીસ દ્વારા પકડી અનડીટેકટ ચોરીનો ગુનો ડીટેકટ કરી આરોપીને કોર્ટમાં રજુ કરી દિન પાંચના રીમાન્ડ માંગતા કોર્ટ દ્વારા પકડાયેલા



આરોપીના દિન ૧ ના રીમાન્ડ મંજુર કરતા આરોપીની સઘન પૂછપરછ-તપાસ કરતા ચોરીમાં ગયેલો મુદ્દામાલ પૈકીનો મુદ્દામાલ લોખંડની સેન્ટ્રીંગની પ્લેટો નંગ- ૩૧ એક પ્લેટની રૂ ૩૫૦ લેખે કુલ રૂ ૧૦,૮૫૦ તથા લોખંડની શીકંજી નંગ-૧૬ એક શીકંજીની રૂ ૧૨૦ મળી કુલ રૂ ૧,૯૨૦ ગણી કુલ મુદ્દામાલ રૂ ૧૨,૭૭૦ નો રીકવર દિલીપ ઉર્ફે દિલો ઉર્ફે ટેકટર અમરસીંગભાઇ શીતલાભાઇ વસાવા રહે. રાણીપુરા, પીપરી ફળીયુ તા. ઝઘડીયા જી.ભરૂચને ઝડપી લેવામાં આવ્યો હતો.

### પારિવારિક ઝઘડાઓમાં સમાધાન કરાવતી સેવા, 10 દિવસમાં 23માં સમાધાન કરાવાયું

# અભયમને મળતાં કોલમાં 20 ટકાનો વધારો

ભાસ્કર ન્યુઝ | ભરૂચ

મહિલાઓ સાથે થતી ઘરેલુ હિંસા,છેડતી, જેવી તમામ નિંદનીય બનાવો અટકાવવા 181 અભયમ મહિલા હેલ્પ લાઈનની શરૂઆત કરવામાં આવી છે. ભરૂચ અભયમની ટીમે છેલ્લા 10 દિવસમાં 23 કેસોમાંથી 18 કેસોનું સમાધાન કરાવ્યું છે. 5 કેસો પોલીસ સ્ટેશનમાં મોકલવામાં આવ્યા હતા. છેલ્લા 2 મહિનામાં અભયમને કોલિંગમાં 20 ટકાનો વધારો થયો છે. જેમાં લગ્ન બાદ અનૈતિક સંબંધો, પતિનો ત્રાસ અને માતા પિતાને હેરાનગતિના કેસમાં વધારો થયો છે જેમાં શહેર કરતા ભરૂચ જિલ્લાના ગામડાના કેસોમાં ઘણો વધારો થયો છે. ડિસેમ્બર મહિનાના 10 દિવસ દરમિયાન મહત્વના 23 જેટલા બનાવો માટે ટીમ રેસ્ક્યુ વાન સાથે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી મહિલાનો બચાવ અને તેમને સહાયતા આપવામાં આવી હતી. તેમજ બાકી ના બનાવોને કાઉન્સિલીગ કરી જરૂરિયાત મુજબ સરકારી કે અન્ય એજન્સી સાથે સંકલન કરી મદદ કરવામાં આવી હતી.ગત મહિને અભયમને 443 કોલ આવ્યા જેમાં 72 કેસ હતા એમાં 55 નું સમાધાન કરાવ્યું હતું. અભયમની ટીમ 8 માર્ચ 2015થી કાર્યરત છે.મહિલાઓને ઘરેલું હિંસા સહિત વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલી સમયે તાત્કાલિક ધોરણે બચાવ, સલાહ અને માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

## મોબાઈલનું વધતું ચલણ કારણભૂત

પહેલા મહિલાઓ દહેજ પ્રથા અને અન્ય પ્રથાઓને કારણે શોષાતી હતી પણ હવે જેમ જેમ સમય બદલાતો ગયો તેમ માણસોમાં માણસાઈ ઓછી રહેવી ,મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરવા કરતા દુરુપયોગ,એકબીજાની દેખાદેખીને કારણે સંબંધો તૂટી જવાના બનાવો વધવા પામ્યા છે. અમારી ટીમ ગામડાઓમાં ડેમો કરવામાં આવી રહ્યા છે.જેથી મહિલાઓ પહેલા પીડાતી રહેતી અને જેને કારણે કઈ બોલી શક્તિ ન હતી પરંતુ હવે તેઓ અમારી મદદ લઈ રહી છે. મોટાભાગના કિસ્સાઓમાં મોબાઈલનો ઉપયોગ જ જવાબદાર હોવાનું જણાયું છે. » નીતા વસાવા ,કાઉન્સિલર,અભયમ 181 ભરૂચ

**DATE: 14/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### સવા વર્ષથી ચકમો આપી નાસતો ફરતો હતો

# અંકલેશ્વરમાં દારૂના કેસમાં ભાગેડુ આરોપી ખાપરથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસને દારૂના કેસમાં સવા વર્ષથી ચકમો આપી નાસતા ફરતાં આરોપીને પોલીસે ખાપર ગામના બારમાંથી ઝડપી પાડયો છે. તે ખાપરથી ગુજરાતમાં દારૂ ધુસાડતો હોવાની માહિતી સામે આવી છે.સવા વર્ષ સુધી આરોપી કયાં ફરતો હતો અને શું કરતો હતો તે દિશામાં પૂછપરછ કરવામાં આવી રહી છે.

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચની ટીમ નેત્રંગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં નાસતો ફરતો આરોપી કેતન વળવી હાલમાં મહારાષ્ટ્રના ખાપર ખાતે આવેલ એક બીયર બારમાં નોકરી કરે છે. બાતમી મળતાં પોલીસે ખાપર ગામના બારમાં દરોડો પાડયો હતો. જેમાં કામ કરી રહેલાં કેતનને ઝડપી અંકલેશ્વર લવાયો હતો. આરોપીને હાલ જીઆઈડીસી પોલીસ ના હવાલે કરવામાં આવ્યો છે. સવા વર્ષ સુધી આરોપી કયાં ફરતો હતો અને શું કરતો હતો તે દિશામાં પૂછપરછ કરવામાં આવી રહી છે.

**DATE: 14/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### દમણથી દારૂ આમોદ લઇ જતાં હતાં

# કારમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં બે બૂટલેગરો ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમ ભરૂચથી આમોદ તરફ જઇ રહી હતી. તે વેળાં મુંબઇ અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટના બ્રીજ નીચે બાતમી મુજબની એક અલ્ટો કાર ઉભી હોઈ પોલીસે તેમાં તપાસ કરતાં બે શખ્સો બેસેલાં હોવાનું જણાતાં તેમની પુછપરછ કરતાં તેમના નામ જગદિશ મનુ હરીજન (હાલ રહે. વેજલપુર, ભરૂચ મુળ રહે. વલસાડ) તેમજ જાવેદ અબ્દુલ પટેલ (રહે. પુરસા રોડ નવીનગરી, આમોદ) હોવાનું માલુમ પડ્યું હતું. ટીમે તેમની કારમાં તલાશી લેતાં તેમાં વિદેશીદારૂનો જથ્થો ભરેલો જણાયો હતો. જેની ગણતરી કરતાં કારમાં 1.40 લાખની મત્તાની વિદેશીદારૂ અને બીયરની 270 બોટલ મળી આવી હતી. ટીમે તેની પુછપરછ કરતાં જગદિશે જણાવ્યું હતું કે, વલસાડમાં જાવેદની સાસરી હોઈ તે અવાર-નવાર આવતો હોવાથી એક બીજાના પરિચયમાં આવ્યાં હતાં. બે-ત્રણ દિવસ પહેલાં જાવેદે ઓર્ડર આપતાં તેણે દમણથી દારૂ લાવી તેને આપવા જતો હતો.

**DATE: 14/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# પીરામણ ગામના તળાવ નજીક જુગાર રમતા પાંચ જુગારી ઝડપાયા

અંકલેશ્વર તા. ૧૩

અંકલેશ્વરના જુના પીરામણ ગામની તળાવ નજીક બાવડની ઝાડીમાં ખુલ્લી જગ્યામાં પતા પાનાનો જુગાર ખેલતા પાંચ જુગારીઓને અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા.

## પોલીસે રૂ.૩૧હજાર ઉપરાંતનો મુદ્દામાલ જપ્ત

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસની ટીમને બાતમી મળી હતી કે 'જુના પીરામણ ગામ નાની તળાવ વગામાં બાવળી ઝાડીમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીફાની મદદથી હારજીતનો જુગાર ખેલી રહ્યા છે'તેવી બાતમીના આધારે રેઈડ કરતા કેટલાક જુગારીઓ જુગાર ખેલતા હતા.

પોલીસે તેઓની અંગઝડતીના રોકડા રૂ.૨૧૯૫૦ તથા જુગારના સાધનો તથા મોબાઈલ નંગ-૦૨ રૂ૧૦૦૦૦ મળી કુલ રૂ. ૩૧૯૫૦ ના મુદ્દામાલ સાથે પાંચ જુગારીઓ મહેબુબ ઈસ્માઈલ પઠાણ મીઠા જેસંગ વસાવા,મહેશ છગન પરમાર, ઉસ્માન ઉર્ફે બાબા હુશેન કુરેશી તેમજ શશીકાંત મુક્તી મંડલની અટકાયત કરી હતી.

**DATE: 15/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મૂકતો વીડિયો વાઈરલ

# અંકલેશ્વરમાં રોંગ સાઈડ પર જતાં રિક્ષાચાલકની ધરપકડ

। અંકલેશ્વર ।

અંકલેશ્વરમાં વિદ્યાર્થીઓનો જીવ જોખમમાં મૂકતો વીડિયો વાઈરલ થયો છે. જેમાં સ્કૂલ વર્ધી રીક્ષા ચાલક પોતાની રિક્ષામાં બાળકોને બેસાડી રોંગ સાઈડમાંથી પસાર થતો વિડીયોમાં સ્પસ્ટ નજરે પડતો હતો. જેના કારણે વાલીઓમાં ચિંતાનો માહોલ જોવા મળ્યો હતો.

અંકલેશ્વરના ત્રણ રસ્તા સર્કલ વિસ્તાર નજીક એક રીક્ષાચાલક વિદ્યાર્થીઓને રિક્ષામાં જોખમી રીતે બેસાડી રીક્ષાને રોંગ સાઈડ પરથી પસાર કરી રહ્યો છે. આ વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ ગયો થઈ રહ્યો છે. રીક્ષા નજીકથી બસ પણ પસાર થાય છે ત્યારે રોંગ સાઈડ પર જતી રીક્ષાને અકસ્માત નડે અને જાનહાનિ સર્જાય તો જવાબદાર કોણએ પ્રશ્ન ઉઠી રહ્યો છે. ત્યારે, અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે વાઈરલ વીડિયોના આધારે રીક્ષા ચાલક અને શહેરના સંજય નગરમાં રહેતા સાજીદ શેખની ધરપકડ કરી હતી. પોલીસે રીક્ષા ચાલકનો માફી માંગતો વિડીયો પણ જાહેર કર્યો છે. શુક્રવારે સાંજે અંકલેશ્વર શહેરમાં ટ્રાફિક વચ્ચે ૧૨ વિદ્યાર્થીઓ બેસાડેલ રીક્ષા રોંગ સાઈડ પર ચલવી નિયમોના ભંગ સાથે વિદ્યાર્થીઓનો જીવ પણ જોખમમાં મુક્યો હતો

### રિક્ષા ચાલકનો માફી માંગતો વીડિયો પણ વાઈરલ

**DATE: 15/12/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ચીની ફળિયાના મકાનમાં પોલીસ કાર્યવાહીમાં 21 ફિરકા મળ્યાં

# જંબુસરમાં ઉત્તરાયણના મહિના પહેલાં જ ચાઈનીઝ દોરી ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | જબુંસર

જંબુસરમાં પોલીસે ઉતરાયણ પહેલા જલાલપુરા ચિની ફળીયામાં દરોડા પાડી એક વેપારીના મકાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે કુલ રૂ.4200ની કિંમતના દોરાના 21 ફિરકા જપ્ત કર્યા છે.

આગામી મહિનામાં ઉતરાયણનો પર્વ આવનાર છે ત્યારે તે પહેલાં જ જબુંસર પોલીસે મોટી કાર્યવાહી કરી છે. જંબુસર પીઆઈના એ.વી.પાનમીયાએ આગામી દિવસોમાં આવી રહેલા ઉતરાયણના તહેવારોમાં કોઈ પણ પ્રતિબંધિત ચાઈનીઝ દોરાના વિતરણ ન કરે તે માટે સ્ટાફને સુચનાઓ આપી હતી. આ અનુસંધાને જબુંસર પોલીસ મથકનો સ્ટાફ તેમના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન માહિતીના આધારે જંબુસર જલાલપુરા ચિની ફળીયામાં દરોડા પાડ્યાં હતા. જેમાં કિશન વાઘેલા નામના વેપારીના મકાનમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ.4200ની કિંમતના દોરાના 21 ફિરકા કબ્જે કરી આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સરકારે ચાઈનીઝ દોરી અને તુકકલ પર પ્રતિબંધ ફરમાવી દીધો હોવા છતાં કેટલાય વેપારીઓ ચોરીછુપી તેનું વેચાણ કરી રહયાં છે.